

# સાચા રાજા સૂરજમલજી

— જય ભિખ્ખુ

પંખીના માળા જેવડું મૂડેટી ગામ. ત્યાંના ઠાકોરનું નામ સૂરજમલ.

સૂરજમલનાં તેજ અને પ્રતાપ અજબ. ગરાસ મોટો નહિ, ગામ ઝાઝાં નહિ, લાવલશ્કર લાંબાં નહિ પણ મનમાં ક્ષત્રીવટ ભારે. ઈ.સ. ૧૮૫૮ની આ વાત.

આપણા દેશ પર અંગ્રેજો પોતાનું રાજ થાપે. એમાં સત્તાવનનો બળવો થયો. લોકોએ અંગ્રેજોને હાંકી કાઢવા મહેનત કરી પણ ન ફાવ્યા. આપણા લોકો જ ફૂટી ગયા. ન ફૂટી ગયા એ ફાંસીએ ગયા.

પણ અંગ્રેજો સમજી ગયા કે આ લોકો એમ નમે એવા નથી. ત્રાડ મારવાથી સિંહની જેમ સામે ત્રાડ દે એવા છે. પણ હવે આપણે ઉંદરની જેમ ફૂંકી ફૂંકીને એમને કરડી ખાઈએ.

અંગ્રેજોએ એક ઢંઢેરો બહાર પાડ્યો. એ વખતે મહારાણી વિક્ટોરિયાનું રાજ. મહારાણીએ કહ્યું,

'તમારું માન અમે જાળવીશું. તમારી વચ્ચે અંદરઅંદરની ખટપટો છે. મોટો નાનાને દબાવે છે. અમે સહુને સાચવીશું. તમારે કોઈએ લશ્કર કે હથિયાર રાખવાની જરૂર નથી. અમારાં હથિયાર તમારા માટે છે. અમારું લશ્કર તમારી સેવામાં છે.'

શબ્દો મીઠા હતા, પણ ઝેર ઘણું હતું. ટૂંકામાં બધા રાજાઓ પાસેથી હથિયાર છીનવી લેવાની આ ચાલાકી હતી.

અંગ્રેજની જીભમાં વિનય હતો. કમર પર તલવાર હતી. છાવણીમાં લશ્કર તૈયાર હતું.

મોટામોટા ચમરબંધી રાજા–મહારાજાઓ અંગ્રેજને નમી ગયા. ભંડારમાંથી હથિયારો કાઢીને સોંપી દીધાં.

અંગ્રેજો કહેવા લાગ્યા : 'આ હથિયાર હતાં તો તમને અને બીજાને એકબીજાનો ડર હતો. હવે તો 'આવ ભાઈ હરખા–આપણે બે સરખા.' કંઈક ગરબડ થશે તો અડધી રાતે અમે હાજર છીએ. જાઓ, મોજ કરો.'

અને રાજાઓ મોજમાં પડી ગયા. સસલાના શિકારે જવા લાગ્યા. વિલાયતી કૂતરાં પાળવા લાગ્યા.

અંગ્રેજ એમનો તરણ–તારણ દેવ બન્યો.

કંઈક ઝઘડો જાગે કે અંગ્રેજ આવીને નિવેડો લાવી દે. બે બિલાડી અને વાંદરા જેવો ઘાટ થયો. હવે રાજાને તો મોજશોખ કરવાના. અંગ્રેજના મૂકેલા કામદાર રાજ ચલાવે.

દેશના મોટા મોટા રાજાઓએ હથિયાર છોડી દીધાં પણ સાબરકાંઠાના એક ઠાકોરે ના પાડી – ઘસીને ના પાડી.

ઠાકોરનું નામ સૂરજમલજી. ગામ મૂડેટી.

ઈડર નજીકનું ગામ.

અરે ! ઈડર જેવા રાજના રાજાએ, ડુંગરપુરના રાજાએ હથિયાર અંગ્રેજોને સોંપી દીધાં ને મૂડેટીના ઠાકોર સૂરજમલજીએ ના પાડી ? નાને મોઢે મોટી વાત કરી.

રાજા સૂરજમલે પડકાર દીધો,

'હું સ્વતંત્ર છું. રાજા છું. તમારો ગુલામ નથી. ગુલામ હથિયાર છોડે. રાજા ન છોડે.'

બધાએ સૂરજમલજીને સમજાવ્યા. કહ્યું કે બળિયા સાથે બાથ ન ભીડો.

સૂરજમલ ઠાકોર કહે, 'સત અને પતથી વધુ બળવાન કોઈ નથી. ક્ષત્રિયથી સત ન છોડાય. રાજાથી પત કેમ ચુકાય ?'

મોટા મોટા રાજાઓએ આ વાત સાંભળી. મનમાં તો સમજ્યા કે સૂરજમલ મરદનો બચ્ચો છે, સાચો ક્ષત્રિય છે, પણ મોઢેથી કહ્યું,

'ભલા આદમી ! ભીંત હેઠળ ભીંસાઈ મરવાથી શો ફાયદો ? આપણે લડીને અંગ્રેજને પહોંચી શકીએ તેમ નથી. અગનગોળા ફેંકતી એની વિલાયતી તોપો જોઈ છે ?'

સૂરજમલ કહે, 'મરવાનું એક વાર છે. ઘરના ખૂણે ભરાઈને મરીએ કે રણમેદાનમાં મરીએ. પણ હું મારી સત અને પતની ધજા નહિ નમવા દઉં.'

આ સમાચાર અંગ્રેજોને મળ્યા. 'અરે, મૂઠી જેવડા રાજનો માલિક બહાદુર અંગ્રેજ સરકાર સામે ડોળા કાઢે ! એ કેમ ચાલે ? અરે, સૂરજમલ કિસ ખેતકી મૂલી !'

ગોરાઓએ લશ્કર રવાના કર્યું. તોપો રવાના કરી. કીડી પર કટક હાંકયું !

આ તરફ સૂરજમલ પણ તૈયાર હતો. એણે નાનકડું લશ્કર એકઠું કર્યું. પડખેના ઠાકોરોને મદદે આવવા કહેણ મોકલ્યું. પણ બધા અંગ્રેજ સરકારને નમી ગયા હતા, એમણે હથિયાર સોંપી દીધાં હતાં ! લડવાનું મન થાય તોય લડે કેવી રીતે ?

સૂરજમલજીએ જાતના ભરોસે તૈયારી કરી. સહુને કહ્યું કે સાગર જેવી અંગ્રેજ સેના સામે છે. સામા મોંએ લડાય ત્યાં સુધી લડવું. એમ ન બને ત્યારે ડુંગરાઓમાં ભરાઈ જવું ને ત્યાંથી લડવું. આ વખતે સૂરજમલજી પાસે બે મકરાણી સિપાઈ.

ભારે બહાદુર. ભારે વફાદાર.

રાજમહેલના દરવાજાની ચોકી એમની. એ ચોકીમાંથી વગર રજાએ ચકલું પણ અંદર પેસી ન શકે.

મકરાણીઓ સૂરજમલજીને કહે, 'રાજમહેલની રખેવાળી અમારા માથે, બાકી બીજું તમે સંભાળજો.'

અંગ્રેજ સેના આવી. સાથે ભારે તોપો લાવી. ઊંચામાં ઊંચી બંદૂકો લાવી !

સૂરજમલજીની સેના સામે લડવા આવી. થોડાંક હથિયાર. જૂની બંદૂકો. જૂની ખખડધજ એકાદ–બે તોપો.

લડાઈ છેડાઈ ગઈ. બંને તરફથી મરણિયો સામનો થયો. પણ ઠાકોર સૂરજમલજી પાસે નાનું શું લશ્કર. એ કપાઈ જાય એટલે નવું લશ્કર ન મળે !

અંગ્રેજને તો ચોવીસ ચોવીસ કલાકે તાજું લશ્કર મળે. તાજું ખાવાનું મળે. તાજો દારૂગોળો મળે.

આખરે સૂરજમલજીનું લશ્કર સાવ ઓછું રહ્યું. તેમણે સહુને ડુંગરાઓમાં ચાલ્યા જવાનું કહ્યું. ડુંગરાની ઓથે રહીને લડવાનું સૂચવ્યું !

સૂરજમલ મેદાન છોડી ગયા.

અંગ્રેજો મૂડેટી ગામ તરફ ચાલ્યા. પહેલાં રાજમહેલનો કબજો લેવા હુકમ કર્યો. પણ દરવાજે મકરાણી સિપાઈ ઊભા હતા. એમણે પડકાર કર્યો.

'જાંગલાઓ ! ત્યાં જ ઠેરી જજો ! કદમ આગળ ભર્યો તો ઊઠી જશો.'

અંગ્રેજ કપ્તાને કહ્યું : 'વાહ રે બહાદુર સિપાઈઓ ! પણ રાજા તમારો નાસી ગયો છે. બંદૂક મૂકી દો. અંગ્રેજ સરકાર તમને નોકરી આપશે. ચાંદ આપશે. ખિતાબ આપશે.'

મકરાણી સિપાઈઓને આ સાંભળી ગુસ્સો ચઢયો. તેઓએ બંદૂકનું નિશાન લેતાં કહ્યું,

'થૂ તેરા ખિતાબ. થૂ તેરા ઈનામ. નોકરી તો અબ ખુદાકી. લૂણ ખાયા હૈ રાજા સૂરજમલકા. લૂણહરામ નહીં થઈએ.'

અંગ્રેજ કપ્તાનને ભારે ક્રોધ ચઢયો. એણે લશ્કરને આગળ વધવાનો હુકમ આપ્યો. લશ્કર આગળ વધ્યું કે સામેથી ગોળી આવી. એ તો મકરાણીની ગોળી ! એકને લેતી ગઈ !

વાંસોવાસ બીજી ગોળી આવી. બીજી પાછળ ત્રીજી આવી. ગોળીએ ગોળીએ એક–એક, બે–બે ઓછા થતા ચાલ્યા.

સામેથી ગોળીઓ જાય, પણ થાંભલા ઉપર વાગે. મકરાણી સિપાઈઓ થાંભલા પાછળ છુપાઈને ગોળીબાર કરે.

એક મકરાણી બંદૂક ભરે. બીજો મકરાણી તાકીને ગોળી છોડે.

બે જણાએ તો ગોળીઓનો વરસાદ વરસાવ્યો. લશ્કર એક ડગ પણ આગળ વધી ન શક્યું.

આખરે અંગ્રેજ કપ્તાને હુકમ કર્યો. 'તો પછી આખો રાજમહેલ તોપથી ઉડાડી દો.'

મોરચા પર તોપો લાવવામાં આવી. ફરી મકરાણી સિપાઈઓને સમજાવ્યા પણ તેઓ ન માન્યા.

તોપો વછૂટી, હડુડુડુ !

મણ–અધમણના ગોળા ઝીંકાવા લાગ્યા. દરવાજો તૂટયો. મહેલ કડડભૂસ કરતો પડયો.

મકરાણીઓના શરીરના ફુરચેફુરચા ઊડી ગયા.

આખરે અંગ્રેજ સેના મહેલ પાસે પહોંચી. મૂડેટી જિતાયું, પણ જીત ભારે પડી ગઈ.

હજી ડુંગરોની ખીણોમાં સૂરજમલજી બેઠો હતો. એગ્રેજોની ઊંઘ હરામ થઈ ગઈ હતી.

જરાક નિરાંતવા ખાવા બેઠા કે સૂરજમલની ટુકડીઓ આવી જ છે ! અંગ્રેજ લશ્કર ખાવાનું છોડીને જાય ભાગ્યું !

જરાક આરામ લેવા આડા થયા કે સૂરજમલની સેના ત્રાટકી જ છે ! બિછાવેલા બિસ્તરા મૂકીને ઊભી પૂંછડીએ જાય ભાગ્યા.

અંગ્રેજો ત્રાહ્ય–તોબા પોકારી ગયા. આખરે સંધિ માટે કહેણ મોકલ્યું,

'હે રાજા ! તારું રાજ તને, તારાં હથિયાર તને. અંગ્રેજ દોસ્તીનો હાથ લંબાવે છે, હાથ મિલાવ !'

ઠાકોર સૂરજમલ પણ ખુવાર થઈ ગયા હતા.

હવે હથિયાર કે દારૂગોળા જેવું કંઈ પાસે બચ્યું નહોતું ! લશ્કર પણ નહોતું.

એ એકલિયા વીરે સમય પારખ્યો.

દોસ્તીનો લંબાવેલો હાથ પકડી લીધો.

ખેદાન–મેદાન મૂડેટી ગામની ગાદી પર ઠાકોર સૂરજમલજી પાછા આવ્યા, તેમની સત–પતની ધજા અણનમ રહી.

આજે તો નકશામાંથી મૂડેટી ગામ સાવ ભૂંસાઈ ગયા જેવું છે. પણ આઝાદીના વણલખ્યા ઇતિહાસમાં એનું નામ સદાને માટે અંકાઈ ગયું છે.

■